પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

## ♣♣♣♣♣નોકર ઘર-ઘાટી અંગેનું જાહેરનામું♣♣♣♣♣

## ♣♣♣♣♣ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં ૨)ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ♣♣♣♣♣

ક્રમાંક: એસ.બી./૧૪/જાહેરનામું/ ૬૬૭૭ /૨૦૨૧
તા.૨૧/૧૦/૨૦૨૧

રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઇન સર્વિસ પ્રોવાઇડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતાં વ્યકિતઓ મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો ધ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરે જેના લીધે જાહેર સલામતિ અને શાંતી જોખમાય છે જેથી જાહેર જનતાની શાંતી અને સલામતિ જાળવવા સારૂં,

વાસ્તે હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરુ છું કે, રાજકોટ શહેરમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરરજાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/ઔદ્યોગિક એકમો/ઓનલાઇન સર્વિસ પ્રોવાઇડરો જેવા વ્યવસાયિક એકમોમાં કામ કરતા વ્યકિતઓની માહિતી કામ પર રાખનાર માલિકોએ રાખવાની રહેશે તેમજ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

<u>ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ની હકીકત નીચે મુજબ દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે તેમજ વોચમેન હથીયાર ધારી હોય તો તેના હથીયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.</u>

| મકાન માલીકનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ | | નોકરી પર રાખેલ વ્યકિતનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ |
|---|---|---|

| અ.ન. | વિગત | | |
|---|---|---|---|
| ૧ | મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઇલ નંબર | :- | |
| ૨ | કામે રાખેલ વ્યકિતનું પુરૂ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામું તથા મો.ન. | :- | |
| ૩ | કામે રાખેલ વ્યકિતના મુળ વતનનું સરનામું, તથા મોબાઇલ નંબર | :- | |
| ૪ | કામે રાખેલ વ્યકિતને કામે રાખ્યાની તારીખ | :- | |
| ૫ | કોના ભલામણથી /ઓળખાણથી કામે રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરૂ નામ, સરનામું તથા મોબાઇલ નંબર | :- | |
| ૬ | કામે રાખેલ વ્યકિતના બે થી ત્રણ સગા સબંધીના નામ તથા સરનામા અને મોબાઇલ નંબર | :- | |
| ૭ | વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખ | :- | |

### ♣♣♣♣♣અમલવારીનો સમય ગાળો♣♣♣♣♣

આ હુકમ તા.૦૧/૧૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધીનો રહેશે.

### ♣♣♣♣♣ અમલવારીનો વિસ્તાર ♣♣♣♣♣

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

*****સજા*****

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

****જાહેર વિજ્ઞપ્તિ****

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય જાહેર જનતાની જાણ સારુ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. અને આ જાહેરનામું જાહેર જનતા માટે અમલમાં રહેશે. તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખઃ-૨૧ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

૨૧/૧૦/૨૧

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર/વડોદરા શહેર/સુરત શહેર.

નકલ રવાનાઃ

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ
(૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-ર રાજકોટ શહેર.
(૬) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૭) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક કોપી આપવી)
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૩) ચીફ જનરલ મેનેજર શ્રી, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. જુના સચિવાલય, બ્લોક નં- ૧ , ૧ લો માળ ,ગાંધીનગર
(૧૪) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૫) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૧૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૨૧) સબ ડીવીજનલ મેજી.શ્રી, શહેર પ્રાંત તથા ગ્રામ્ય પ્રાંત, રાજકોટ.
(૨૨) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.

(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ.